# રેલવે યાત્રી ભાડામાં વધારાની સંભાવના



નવી દિલ્હી,તા. ૧૭

રેલવેની આર્થિક સ્થિતીને સુધારવા માટે મોદી સરકાર વ્યસ્ત બનેલી છે. જેના ભાગરૂપે નક્કર પગલા લેવામાં આવી રહ્યા છે. આ દિશામાં આગળ વધીને સરકાર હવે રેલવે યાત્રી ભાડમાં વધુ વધારો કરી શકે છે. સાથે સાથે એરલાઈન્સની જેમ ટ્રેનમાં વિન્ડો સીટ, ટેબલ ધરાવનાર સેન્ટ્રલ સીટ અથવા તો લોઅર બર્થના કેસમાં પ્રવાસીને ભાડાની સાથે સાથે પ્રિમિયમની ચુકવણી પણ કરવી પડશે. રેલવેની સ્થિતીને સુધારવા માટે રચવામાં આવેલી ડીકે મિત્તલ સમિતીએ તેના સુચનો આપી દીધા છે. તેમના જણાવ્યા મુજબ નાના અને ઈન્ટરસીટી મુવમેન્ટ ૪૦૦ કિલોમીટરથી ઓછા પ્રવાસ માટે ભાડા માર્ગ પરિવહન કરતા વધારે રહે તે જરૂરી છે. રેલવે યાત્રી ભાડામાં ફેરફાર કરતી વેળા એ બાબત પર ધ્યાન આપવુ જોઈએ. લાંબા અંતરના પ્રવાસ માટે ભાડા ઓછા અને ઓછા અંતરના પ્રવાસ માટે ભાડા વધારે રહે. સમિતીએ સેકન્ડ ક્લાસ (સ્લીપર-જનરલ)માં યાત્રા કરનાર લોકો માટે યાત્રી ભાડામાં વધારો કરવા માટે કહ્યું છે. સમિતીએ કઠોર ભલામણ કરીને દર બે મહિનામાં બે પૈસા પ્રતિ કિલોમીટરના દરે સેકન્ડ ક્લાસના ભાડામાં વધારો કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ભાડામાં ઉપનગરીય અને ઈન્ટરસિટી ટ્રેન પણ સામેલ છે.

સમિતીએ ઉપનગરીય અને બિન ઉપનગરીય સેવામાં સામાન્ય ભાડાને બે ગણુ કરવાની વાત કરી છે. સમિતીએ કહ્યું છે કે સામાન્ય કેટેગરીમાં લઘુત્તમ ભાડુ ૧૦ રૂપિયા પ્રતિ કિલોમીટરના બદલે ૨૦ રૂપિયા પ્રતિ કિલોમીટર રહે તે જરૂરી છે. સમિતીએ કહ્યું છે કે કેટલીક એવી ટ્રેનો છે જેમાં ટિકિટ બુકિંગ ખુલતાની સાથે જ તમામસીટો છથી ૧૨ કલાકમાં બુક થઈ જાય છે. રેલવે દ્વારા એવી પોલીસી તૈયાર કરવી જોઈએ જેથી ટિકિટ કેન્સલ કરનાર પર વધારે ચાર્જ લાગુ કરી શકાય. ટિકિટ બુક કરાવનાર અસલી યાત્રી છે કે કેમ તેની પણ ચકાસણી થવી જોઈએ. સમિતીએ રેલવે યાત્રી ભાડામાં વધારાને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ સાથે જોડવાની ભલામણ કરી છે.

## શારદા કાંડ કેસમાં બંગાળમાં સીબીઆઈના વ્યાપક દરોડા

કોલકાતા,તા. ૧૭

શારદા ચીટ ફંડ કૌભાંડ કેસના સંબંધમાં સીબીઆઈએ આજે પશ્ચિમ બંગાળમાં અનેક સ્થળો ઉપર દરોડા પાડ્યા હતા. જેના પરિણામ સ્વરુપે ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈએ શારદા ચીટ ફંડ કૌભાંડમાં વિનરિયલકોનના નિવાસસ્થાન અને ઓફિસો ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા. સીબીઆઈના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં નવ સ્થળો ઉપર એક સાથે તપાસ હાથ ધરવામાં આવી હતી. વિનરિયલકોનના ઓફિસ અને નિવાસસ્થાન ઉપર દરોડા પડાયા હતા. તેના ડિરેક્ટરોને પણ સકંજામાં લેવામાં આવ્યા હતા. સીબીઆઈની ઘણી ટીમો એક સાથે દરોડાની કામગીરીમાં જોડાઈ હતી. વિનરિયલકોન કેટલીક બિન શારદા ગ્રુપની કંપનીઓ છે જેમની સામે સીબીઆઈ દ્વારા કેસ નોંધવામાં આવી ચુક્યા છે. કરોડો રૂપિયાના શારદા ચીટ ફંડ કૌભાંડમાં ઉંડી તપાસ ચાલી રહી છે. દરોડાની કામગીરી દરમિયાન કોઇ વાંધાજનક દસ્તાવેજો મળ્યા છે કે કેમ તે સંદર્ભમાં સીબીઆઈ અધિકારીઓએ કોઇ માહિતી આપી નથી. વિન રિયલ કોનની સામે કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે જેમાં વિશ્વાસભંગ, છેતરપિંડી, ફોજદારી કાવતરાનો આક્ષેપ કરાયો છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં કેસ દાખલ કરાયો હતો. ત્યારબાદથી તપાસ ચાલી રહી છે. પશ્ચિમ બંગાળ ઉપરાંત દેશના અન્ય ભાગોમા પણ તપાસ ચાલી રહી છે. શારદા કૌભાંડને લઇને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીમાં મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. તેમના કેટલાક પ્રધાનોની પુછપરછ થઇ ચુકી છે.

## ૩૨ વર્ષ બાદ આઈએએફને સૌથી હળવું યુદ્ધવિમાન તેજસ મળ્યું

નવીદિલ્હી,તા. ૧૭

ભારતીય હવાઈ દળના શસ્ત્રાગારમાં આખરે દુનિયાનું સૌથી હળવું ગણાતુ વિમાન તેજસ સામેલ થઈ ગયું છે. ૩૨ વર્ષના લાંબાગાળા બાદ આ વિમાન સામેલ કરવામાં આવ્યું છે. આઈએએફને સ્વદેશીરીતે બનાવવામાં આવેલું હળવું યુદ્ધ વિમાન તેજસ મળી ગયું છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એટલે કે, એચએએલ દ્વારા આજે મિડિયાથી બચીને તેજસ સિરીઝ પ્રોડક્શન-૧ કેન્દ્રીયપ્રધાન મનોહર પારીકર અને હવાઈ દળના વડા અનુપ રહાને સોંપી દેવામાં આવ્યા બાદ સસ્પેન્સનો અંત આવ્યો હતો. આ વિમાનનો ઉપયોગ કરવા માટે ભારતને ૩૨ વર્ષ રાહ જોવી પડી છે. આ વિમાને પ્રથમ ઉંડાણ પહેલી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે ભરી હતી. હજુ પણ આ વિમાન ઈનિશિયલ ઓપરેશનલ



ક્લિયરન્સ કોન્ફિગ્રેશનમાં છે. ફાઈનલ ઓપરેશનલ ક્લિયરન્સ કોન્ફિગ્રેશનમાં આવવા માટે આને હજુ એક વર્ષ રાહ જોવી પડે તેવી શક્યતા છે. અલબત્ત આ વિમાન ઈલેક્ટ્રોનિક વોરફેર શૂટ, મિડએર રિફ્યુલિંગ અને લોંગ રેંજ મિસાઈલ જેવી સુવિધાઓથી સજ્જ છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે ગયા સપ્તાહમાં જ કહ્યું હતું કે, આ વિમાન બે મહિના પહેલાથી જ તૈયાર છે. અને જાન્યુઆરીમાં તેને સોંપી દેવામાં આવશે. મનોહર પારીકરે ડિસેમ્બર મહિનામાં લોકસભામાં માહિતી આપી હતી કે, એલસીએ હવાઈ દળની પાસે માર્ચ સુધી આવી જશે. અલબત્ત માર્ચ સુધી એચએએલ આવા વધુ એક વિમાનની સાથે તૈયાર થશે. આ વિમાન પણ ઈનિશિયલ ઓપરેશન ક્લિયરન્સ કોન્ફિગ્રેશનમાં જ રહેશે. એચએએલના ચેરમેન આરકે ત્યાગીએ માહિતી આપતા કહ્યું છે કે, આ વિમાન પાંચ ઉંડાણ ભરી ચુક્યું છે. જુદા જુદા સ્થળ ઉપર તેની ચકાસણી થઈ ચુકી છે. આની પ્રાથમિક ખર્ચનો અંદાજ ૧૨૦ કરોડ રૂપિયા મુકવામાં આવ્યો છે પરંતુ મોડેથી પ્રક્રિયા હાથ ધરાતા કુલ બજેટ ૨૬૦ કરોડનો ખર્ચ થયો છે. ભારતીય હવાઈ દળ દ્વારા પ્રથમ તબક્કામાં વિવિદ કામગીરી પૂર્ણ કરી લેવાઈ છે. ૨૦૧૭ સુધી ૨૦ વિમાનો તૈયાર કરી લેવામાં આવશે. એલસીએ કાર્યક્રમ મૂળભૂતરીતે ભારતીય હવાઈ દળના યુદ્ધ કાફલામાં જુના થયેલા મિગ-૨૧ની જગ્યાએ લાવવા ૧૯૮૩માં હાથ ધરાયો હતો પરંતુ જુદા જુદા કારણોસર તમામ મહેતલો સુધી તેની કામગીરી અધુરી રહી હતી.

## ઓસ્ટ્રેલિયા અને ભારતની વચ્ચે આજે વન-ડે જંગ થશે

મેલબોર્ન,તા.૧૭

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કાર્લટોન વન ડે શ્રેણીની બીજી મેચમાં આવતીકાલે રવિવારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર જોરદાર જંગ ખેલાયે તેવી શક્યતા છે. પ્રથમ મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ઇંગ્લેન્ડ પર બોનસ પોઈન્ટ સાથે જીત મેળવ્યા બાદ તે જીતના સિલસિલાને આગળ વધારવા માટે તૈયાર છે. બીજી બાજુ ભારતીય ટીમ જોરદાર દેખાવ કરીને વર્લ્ડ કપ પહેલા અંતિમ તૈયારી કરી લેવા માટે તૈયાર છે. આ મેચ ખુબ રોમાંચક બને તેવી શક્યતા છે. ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડને આવરી લેતી કોર્લટોન વન ડે શ્રેણીની શરૂઆત થઈ ચુકી છે. સિડની વનડે મેચ સાથે આની શરૂઆત થઈ હતી. લાંબા સમય બાદ ઓસ્ટ્રેલિયામાં હવે ત્રિકોણીય શ્રેણી રમાઈ રહી છે. ભારત સામે ઘરઆંગણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ટેસ્ટ શ્રેણી ૨-૦થી જીતી લીધા બાદ ઓસ્ટ્રેલિયાની ટીમ હોટફેવરીટ દેખાઇ રહી છે. ઓસ્ટ્રેલિયા ત્રિકોણીય શ્રેણીમાં કેપ્ટન માઈકલ ક્લાર્ક વગર મેદાનમાં ઉતરી છે. જે હાલ ઈજામાંથી રિકવર થઈ રહ્યો છે. ટેસ્ટ કેપ્ટન સ્ટીવ સ્મીથના બદલે જ્યોર્જ બેલી ક્લાર્કની ગેરહાજરીમાં વન ડે શ્રેણીમાં ટીમનુ નેતૃત્વ કરી રહ્યો છે. ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડને આવરી લેતી ત્રિકોણીય વન ડે શ્રેણીની તૈયારીમાં ત્રણેય ટીમો સજ્જ છે. વર્લ્ડ કપ પહેલા આ અંતિમ શ્રેણી હોવાથી તમામ ત્રણેય ટીમોને તેમની તૈયારીની અંતિમ ચકાસણી કરવાની તક છે. પ્રથમ મેચમાં હાર થઈ હોવા છતાં ઈંગ્લેન્ડ પણ વાપસી કરવા સજ્જ છે. આ શ્રેણીની ફાઈનલ મેચ પર્થમાં ખાતે પહેલી ફેબ્રુઆરીના દિવસે રમાશે. તમામ ત્રણેય ટીમો શક્તિશાળી હોવાથી ક્રિકેટ ચાહકોને રોમાંચકતા જોવા મળે તેવી શક્યતા છે. મેચોને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તાજેતરના દિવસોમાં બનેલા બનાવોના કારણે સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત રાખવામાં આવી છે. ભારતીય અને ઓસ્ટ્રેલિયન ટીમમાં નવા પ્રયોગ કરવામાં આવે તેવી શક્યતા છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ પણ ખુબ મજબુત છે અને તે ઓસ્ટ્રેલિયાને પડકાર ફેંકવા સક્ષમ છે.

ઓસ્ટ્રેલિયા : ડેવિડ વોર્નર, એરોન ફિન્ચ, શેન વોટ્સન, સ્ટીવ સ્મીથ, જ્યોર્જ બેલી (કેપ્ટન), ગ્લેન મેક્સવેલ, બ્રાડ હેડિન, જેમ્સ ફોલ્કનર, માઈકલ સ્ટાર્ક, પેટ કમિન્સ, સન્ધુ, દોહેર્ટી

ભારત : મેહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), સ્ટુઅર્ટ બિન્ની, રવિન્દ્ર જાડેજા, કુલકર્ણી, શામી, રહાણે, રાયડુ, મોહિત શર્મા, ઉમેશ યાદવ, અશ્વીન, શિખર ધવન, વિરાટ કોહલી, ભુવનેશ્વર, અક્ષર પટેલ, સુરેશ રેના, ઈશાંત શર્મા, રોહિત શર્મા



ત્રિવેણી સંગમ અલ્હાબાદ ખાતે મહા મહિનાના મેળા દરમિયાન એક શોભાયાત્રામાં અખાડાના સાધુઓએ ભાગ લીધો હતો.



રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પલ્સ પોલિયો અભિયાનનો શુભારંભ કરાવવા માટે રાષ્ટ્રપતિ ભવન ખાતે એક બાળકને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતાં.



નવી દિલ્હીના રાજપથ ખાતે ગણતંત્ર દિવસની પરેડ માટે રહિર્સલ પહેલા દિલ્હી પોલીસ.

## સમાચાર ઝલક

- ગુજરાત સરકારના કર્મચારીઓની સીસીસી પરીક્ષા ન લેવાતાં દોઢ લાખ કર્મચારીઓ ઈજાફાથી વંચિત.
- સૌરાષ્ટ્રના રાણાવાવના યુવકે કાર જીતી છે તેવી જાણ કરીને પૈસા ભરાવ્યા બાદ પાર્સલમાં પાંચ રૂપિયાની સીડી નીકળી.
- ગીર-સોમનાથના કલેકટરશ્રી સી.પી.પટેલ જાતે જ ખનીજ ચોરો પર ત્રાટકયા.
- ગુજરાતના સનદી અધિકારીઓને આઈ.એ.એસ કેડરમાં બઢતી મળતાં તંત્રમાં મોટા ફેરફારો થશે.
- ઓખા બંદરેથી પાકિસ્તાન દ્વારા ૮ બોટ સાથે ૪૫ માછીમારોનું અપહરણ.
- કામરેજમાં સ્વામીનારાયણ મંદિરમાં પંચધાતુની અલભ્ય મૂર્તિઓની ચોરી.
- ગુજરાતમાં સુરત જિલ્લામાં વડોદરામાં ધોળા દિવસે ત્રણ ખાનગી ગોળીબારો થયા.
- સુરતમાં ગેસનો બાટલો ફાટતાં અફડાતફડી મચી.
- સૌરાષ્ટ્રના ધોધાવદરમાં પત્નીને બચાવવા કુવામાં ઝંપલાવતાં પતિનું મોત.
- ફિલ્મ અભિનેતા અભિષેક બચ્ચને વરલીમાં ૪૧ કરોડનો ફ્લેટ ખરીદયો.
- સ્વીમર ભકિત શર્માએ એક ડીગ્રી તાપમાન વચ્ચે એન્ટલાટિક મહાસાગરમાં તરવૈયાની સિધ્ધિ મેળવવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અભિનંદન.
- ભારતમાં સૌથી વધુ રજાઓ છે. અહેવાલ
- વારાણસીવાસીઓએ એક કિલોમીટર લંબાઈવાળો પત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પાઠવ્યો.
- એન.આર.જી ફિલ્મની મંજુરીના વિવાદમાં સેન્સરબોર્ડના ચેરમેન શ્રીમતી લીલા સેમસન તથા સભ્યશ્રીએ રાજીનામા આપ્યા.
- કાશ્મીરમાં કોઈ પણ ભોગે શાંતિ જાળવી રખાશે. જનરલ સુહાગ
- કેશલેસ ટ્રાન્ઝકેશન કરીને વળતર મેળવો તેવી યોજના આગામી બજેટમાં આવશે.
- સોનિયા ગાંધી પરનું પુસ્તક 'ધ રેડ સાડી' ભારતમાં પણ પ્રકાશિત થયું.
- વિશ્વમાં સૌથી વધુ ધનાઢય ખ્રિસ્તીઓ, દ્વિતિયે મુસ્લીમો, તૃતીયે ક્રમે હિન્દુઓ.
- વગર દવાએ કુદરતી ઉપચારથી એઈડ્સ મટી શકે છે. ફ્રાંસ વૈજ્ઞાનિકની શોધ.
- બેલ્જીયમમાં પેરીસ ટાઈપ ત્રાસવાદી હુમલો નિષ્ફળ બનાવ્યો. બે ત્રાસવાદી ઠાર.
- અમેરિકન પ્રમુખશ્રી બરાક ઓબામાનું ૧૫ લાખ રૂપિયાના ફુલોથી શાહી સ્વાગત કરશે.

## આઈએસઆઈએસને કચડી નાંખવા માટે ઓબામાની તૈયારી

ન્યુયોર્ક,તા. ૧૭

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ હાલમાં ઈરાક અને સિરિયામાં વધારે આંતક મચાવી રહેલા ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટની તાકાતને કચડી નાંખવા માટે કમર કસી લીધી છે. ઈરાક અને સિરિયામાં તેની સામે વધારે તાકાત સાથે અમેરિકા હવે ત્રાટકવા માટે ઈચ્છુક છે. ઓબામાએ સંકલિત લશ્કરી વ્યુહરચના તૈયાર કરી છે. તેમના પુર્વોગામી જ્યોર્જ બુશ દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યુહરચના પર તેઓ હવે આગળ વધશે. અમેરિકા અને તેના મિત્ર દેશો દ્વારા આઈએસઆઈએસ સામે નવી નિતી તૈયાર કરવામાં આવી છે. મધ્યપૂર્વના દેશોમાં તેના નેટવર્કને ફેલાવી રહેલા ત્રાસવાદી સંગઠનને ખતમ કરવા માટે નિતી તૈયાર કરવામાં આવી છે. આ સંગઠને તાજેતરના સમયમાં અલ કાયદા કરતા વધારે તાકાત મેળવી લીધી છે. ઓબામાએ કહ્યું છે કે અમેરિકા દ્વારા હવાઈ હુમલાની સાથે સાથે હવે નવી નિતી અપનાવાશે. જેથી તેની પ્રવૃતિ ઘટશે.

સિરિયામાં વધુ હવાઈ હુમલા કરવામાં આવે તેવી પણ શક્યતા છે. ઈરાકમાં અમેરિકામાં મર્યાદિત વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા છે. નવી નિતી પર છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી. અમેરિકાના હવાઈ હુમલા છતાં આ સંગઠને સિરિયા અને ઈરાકના અનેક ભાગોમાં તેનુ પ્રભુત્વ જમાવી લીધુ છે. સામૂહિક હત્યા, પત્રકારોની ગળુ કાપીને હત્યા જેવા બનાવોને કારણે આ સંગઠનની નોંધ લેવાઈ છે. તેમાં ભરતી પણ ચાલી રહી હોવાના અહેવાલમ મળ્યા છે. આ સંગઠને અલ કાયદા કરતા વધુ શક્તિ એકત્રિત કરી છે.

## આતંક્વાદી હુમલામાં પોલીસ જવાનનું મોત

શ્રીનગર,તા. ૧૭

દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં આજે આતંકવાદી હુમલો થયો હતો જેમાં એક પોલીસ જવાનનું મોત થયું હતું અને અન્ય એક નાગરિકને ઈજા થઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ત્રાસવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. કુલગામમાં હુમલો કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓ ફરાર થઈ ગયા હતા. જહુર અહેમદદારને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થયું હતું. કુલગામમાં ફરજ બજાવી રહ્યા હતા ત્યારે દારનું મોત થયું છે. પોલીસ જવાન દાર ઉપરાંત ગંભીર રીતે ઘાયલ થયેલા નાગરિક જહુર અહેમદને સારવાર આપવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની ઉંડી શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## રેલવેમાં વધુ જંગી રોકાણની જરૂર છે : રેલવે પ્રધાન પ્રભુ

નવી દિલ્હી,તા. ૧૭

રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આજે કહ્યું હતુંકે, ભારત ૨૦ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની શકે છે. જો તે નવ ટકાના દરે વિકાસ પામશે તો આ સિદ્ધિ સુધી પહોંચી શકાય છે. ઈટી ગ્લોબલ બિઝનેસ સમિટમાં બોલતા સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, રાજ્યોને ભારતના આર્થિક વિકાસમાં જોરદારરીતે યોગદાન આપવાની જરૂર છે. રેલવેની વાત કરતા તેમણે કહ્યું હતું કે, જો રેલવેમાં આજે અને ત્યારબાદ આવતીકાલે રોકાણ કરીશું નહીં તો કોઈપણ રેવન્યુ મળશે નહીં અને રેલવેની સેવા વધુ કથળતી રહેશે. પ્રભુએ દાવો કર્યો હતો કે, ભારતીય રેલવે ભારતના જીડીપીમાં ૨-૩ ટકાનું વધુ યોગદાન આપી શકે છે. પ્રભુએ સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ સુધારો લાવવા મૂડીરોકાણની વાત કરી હતી. રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં યોગ્ય રોકાણથી ચિત્ર બદલાઈ શકે છે. આગામી વર્ષોમાં ભારતીય રેલવે ગ્રોથ એન્જિન બની શકે છે. ઓછા મૂડીરોકાણ માટેના ઘણા કારણોને દૂર કરી દેવામાં આવ્યા છે. રેલવેની નાણાંકીય હાલત કફોડી છે તેવી કબૂલાત કરતા પ્રધાને કહ્યું હતું કે, રેલવેને હંમેશા ફિઝિકલ કનેક્ટિવીટી ઉપલબ્ધ કરાવવા તેના નેટવર્કને વિસ્તૃત કરવા જંગી રોકાણની જરૂર રહે છે. સુરેશ પ્રભુનો એવો મત હતો કે, ૩૦૦૦૦થી ૪૦૦૦૦ કિલોમીટરની નવી રેલવે લાઈનને વિસ્તૃત કરવાની જરૂર છે. લોકો ઉપરાંત વધુ ચીજવસ્તુઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે ૪૦૦૦૦ કિલોમીટરની નવી રેલવે લાઈનની જરૂર છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, ભારતને અન્ય ક્ષેત્રોમાં પણ રોકાણની જરૂર છે. નક્સલપ્રભાવિત વિસ્તારોનો દાખલો આપતા પ્રભુએ કહ્યું હતું કે, સુરક્ષા જવાનો તૈનાત કરવાની સાથે સાથે આવા સ્થળોમાં વધુ રોકાણ વધુ સારા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લાવી શકાય છે. રોજગારીની નવી તકો પણ ઉભી કરી શકાય છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આમા સંબોધન કર્યું હતું. ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછતમાં રોડ બ્લોક તરીકે ગણાવીને પ્રભુએ કહ્યું હતું કે, ઘણી બાબતો હવે બદલાઈ ગઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, રેલવેની સ્થિતિ સુધારવા તમામ પગલા લેવાઈ રહ્યા છે.

## બ્રિટન જઈ રહેલા ભારતીય વિદ્યાર્થીમાં નોધપાત્ર ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૭

બ્રિટન જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. બ્રિટીશ સરકાર પણ ચિંતાતુર દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૦માં ડેવિડ કેમરૂન સરકારે સત્તા સંભાળી લીધા બાદ બ્રિટન જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. નવેસરના આંકડા દર્શાવે છે કે ૧૨ ટકા સુધીનો ઘટાડો થયો છે. ઈમિગ્રેશનના આંકડા પર મર્યાદા મુકવો કેમરૂન સરકાર દ્વારા મુકવામાં આવેલા નિયંત્રણોના કારણે આ સ્થિતી સર્જાઇ છે. જેથી બ્રિટન જતા વિદ્યાર્થીઓમાં ઘટાડો થયો છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણના સેક્ટરમાં હેવે સુધારો પણ થઈ રહ્યો છે. સાથે સાથે અમેરિકા ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા દેશો તરફથી વધારે સારી ઓફર કરવામાં આવી રહી છે. હાયર એજ્યુકેશન એજન્સી દ્વારા જારી કરવામાં ઓવેલા આંકડામાં દાવો કરાયો છે કે ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આંકડો વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૯૦૯૦ હતો જે વર્ષ ૨૦૧૩-૧૪માં ઘટીને ૧૯૭૫૦ થઈ ગયો છે. બ્રિટનમાં અભ્યાસ કરવા માટે આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના આંકડા મામલે ભારત હજુ પણ ચીન બાદ બીજા ક્રમાંકે છે. હાલમાં તેમના કોર્સને પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને કામ સંબંધિત વીઝાની મંજૂરી આપવામાં આવે છે. બ્રિટનમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી જવા માટે અનેક કારણો જવાબદાર છે. વિશ્વના દેશો હાલમાં તેમના ત્યા વધુને વધુ વિદ્યાર્થીઓ આવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બ્રિટનમાં રાજકીય પક્ષો આ મુદ્દાને જોરદાર રીતે ચગાવવા માટે તૈયાર છે. સાતમી મેના દિવેસે યોજનાર ચૂંટણી પહેલા તમામ રાજકીય પક્ષો આને મુદ્દો બનાવી રહ્યા છે.

## લખવી વધુ ૧૦ દિન સુધી અટકાયત હેઠળ

કરાંચી,તા. ૧૭

મુંબઈમાં ભીષણ આતંકવાદી હુમલામાં માસ્ટર માઈન્ડ અને કટ્ટરપંથી લીડર ઝાકી ઉર રહેમાન લખવીને અટકાયતમાં રાખવાનો આદેશ વધુ ૧૦ દિવસ માટે લંબાવી દેવામાં આવ્યો છે. ઈસ્લામાબાદ વહીવટીતંત્ર દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ વહીવટી તંત્રએ ૨૭મી જાન્યુઆરી સુધી આ ગાળો લંબાવી દીધો છે. અગાઉ ૧૮મી જાન્યુઆરી સુધી આ ગાળો લંબાવવામાં આવ્યો હતો. લખવીની ૧૮મી જાન્યુઆરીના દિવસે ઈસ્લામાબાદ વહીવટીતંત્ર દ્વારા અટકાયત કરવામાં આવી હતી. લખવી હજુ દબાણ હેઠળ છે અને તે પાકિસ્તાનની કસ્ટડીમાં રહેશે.

## હૈદરાબાદી એન્જીનિયર સલમાન આખરે ઝડપાયો

હૈદરાબાદ,તા. ૧૭

આઈએસઆઈએસની ટ્રેનિંગ લીધા બાદ સિરીયાથી હૈદરાબાદી એન્જિનિયર પરત ફરવાની યોજના ધરાવે છે. રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ ચલાવવાના હેતુસર ભારત પરત ફરવાની ઈચ્છા હૈદરાબાદી એન્જિનિયર ધરાવે છે. તેની વાયા દુબઈ મારફતે સિરીયા જતીવેળા ધરપકડ કરવામાં આવી હતી.

૩૨ વર્ષીય સલમાન મોહીઉદ્દીનની શુક્રવારે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હોવાનો દાવો પોલીસે કર્યો હતો. તેની પૂછપરછ ચાલી રહી છે. ભારતમાં તે કેટલાક યુવાનો સાથે સંપર્કમાં હોવાનું પણ જાણવા મળેલ છે. દુબઈ માટે રવાના થઈ રહ્યો હતો ત્યારે આ શખ્સની રાજીવગાંધી અંતરરાષ્ટ્રીય વિમાની મથકે ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં અમેરિકાથી પરત ફર્યા બાદ તે સોશિયલ મીડિયાનો ઉપયોગ યુવાનોને લાલચ આપવા માટે કરી રહ્યો હતો. આ યુવાનોને તે સિરીયા અને ઈરાક લઈ જવાના પ્રયાસમાં હતો. તે સીરિયામાં આતંકવાદી તાલીમ લઈ ચુક્યો છે. દેશમાં ભારત વિરોધી પ્રવૃત્તિ ચલાવવા તે ઈચ્છુક હતો. ચાર વર્ષ અગાઉ આ શખ્સ અમેરિકા ગયો હતો. જ્યા તે દુબઈમાં રહેતી એક બ્રિટીશ મહિલાના સંપર્કમાં આવ્યો હતો. નિક્કી ઉર્ફે નિકોલ તરીકે ઓળખાયેલી આ મહિલાએ મોડેથી ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો હતો. તેઓએ જુદા-જુદા ફેસબુક ગ્રુપ બનાવી દીધા હતા.